ભાજપ-કોંગ્રેસની ઉમેદવાર માટે કવાયત

# વાપી મનપાની ચૂંટણી જાહેર

**ઉમેદવારી** માટે છેલ્લી તારીખ ૧૧ એપ્રિલ અને ૨૬ અપ્રિલે મતદાન તથા ૨૮ એપ્રિલે મતગણતરી

વાપી : વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણીના મતદાન માટે ૨૬ એપ્રિલની તારીખ જાહેર થઈ છે. બુધવારથી આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. બીજી તરફ રાજકીય પાર્ટીઓ તેમજ કાર્યકરોમાં ચૂંટણીમાં ઉમેદવાર થવા માટે તડજોડ શરૂ થઈ ગઈ છે. ભાજપ દ્વારા બુધવારે સેન્ટર ઓફ એક્સલન્સમાં ત્રણ નિરીક્ષકો સેન્સ લેવાનું શરૂ કરવામાં આવ્યું હતું. અહીં જૂના જોગીઓ તેમજ નવા ચહેરાઓનો ધસારો જોવા મળ્યો હતો. જ્યારે કોંગ્રેસ દ્વારા પણ તેના ઉમેદવારો માટે અંતિમ લિસ્ટ તૈયાર થતું હોવાનું જાણવા મળે છે. વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે જ મુખ્ય મુકાબલો થાય તેવું હાલ ચિત્ર છે. હવે ૧૩ વાર્ડના ઉમેદવાર કોણ બને છે તેના બધાની મીટ છે.

વાપી મહાપાલિકાની પહેલી ચૂંટણીમાં મૂળ શહેરી વિસ્તારની સાથે ૧૧ ગામ જોડાયા છે તે પણ એક મહત્વનું ફેક્ટર છે. હવે આ ૧૧ ગામના જે વોર્ડ છે તેમાં કોણ ઉમેદવાર નક્કી થાય છે તે વાત પણ મહત્વની છે. વાપી મહાનગરપાલિકાના ૧૩ વોર્ડ માટે ૫૨ બેઠકોની ચૂંટણી થવાની છે. તેમાં પણ મહિલા તેમજ અન્ય અનામતને ધ્યાનમાં રાખી દરેક વોર્ડમાં ચાર બેઠકો માટે ચૂંટણી થશે. આ બધી બેઠકો માટે દરેક વાર્ડમાં ઉમેદવાર નક્કી કરવા હમણાં ભાજપ તેમજ કોંગ્રેસ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે.



## વાપી મહાપાલિકાની ચૂંટણીનો કાર્યક્રમ

| | |
|---|---|
| જાહેરનામું પ્રસિદ્ધ | ૬-૪-૨૦૨૬ |
| ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ | ૧૧-૪-૨૦૨૬ |
| ઉમેદવારીપત્રોની ચકાસણી | ૧૩-૪-૨૦૨૬ |
| ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ | ૧૫-૪-૨૦૨૬ |
| મતદાન | ૨૬-૪-૨૦૨૬ |
| પુન: મતદાનની તારીખ (જરૂર હોય તો) | ૨૭-૪-૨૦૨૬ |
| મતગણતરી | ૨૮-૪-૨૦૨૬ |

## ભાજપ દ્વારા સેન્ટર ઓફ એક્સલન્સમાં દાવેદારોનો ધસારો

વાપી મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૧થી ૬ વોર્ડના ઉમેદવાર નક્કી કરવા દાવેદારોને બુધવારે ભાજપના પ્રદેશના નિરીક્ષકો જેમાં ભરૂચના ધારાસભ્ય દુષ્યંતભાઈ પટેલ, રાજ્યકક્ષાના નાણાં મંત્રી કમલેશભાઈ પટેલ તથા પ્રદેશ ભાજપના મંત્રી મુક્તાબેન જોષીએ દાવેદારોને સાંભળ્યા હતા. છ વોર્ડ માટે દાવેદારોની સંખ્યા ૩૦૦થી વધુ હોવાનું જાણવા મળે છે. અગાઉ ચૂંટણી જીત્યા હોય તેવા માજી નગરસેવકોએ પણ પોતાની દાવેદારી કરી હતી. વાપીમાં ભાજપમાં ઉમેદવારી કરવા માટે જે રીતે જોરદાર ધસારો જોવા મળ્યો હતો. હવે બાકી ૧થી ૧૩ વોર્ડ માટે ગુરુવારે દાવેદારોના સેન્સ લેવાશે.

## કોંગ્રેસ ગુરુવારે સાંજ સુધીમાં પોતાના ઉમેદવારો નક્કી કરશે

વાપી મહાનગરપાલિકાની ચૂંટણીમાં આ વખતે કોંગ્રેસ પણ કમરકસીને તૈયાર હોવાનું હાલ તો લાગી રહ્યું છે. કોંગ્રેસ તેના ૧૩ વોર્ડના ૫૨ ઉમેદવારો ગુરુવારે સાંજ સુધીમાં નક્કી કરી લેશે તેવું સૂત્રો પાસે જાણવા મળ્યું છે. જોકે આજે ભાજપમાં ઉમેદવારી કરવા જે રીતે ધસારો જોવા મળ્યો તેવો ધસારો કોંગ્રેસમાં જોવા મળ્યો નથી. પરંતુ નવા શહેર પ્રમુખ મહેશભાઈ શાહનું એવું કહેવું છે કે, કોંગ્રેસના ઉમેદવારોની સારી ટીમ અમે રજૂ કરશું.

## વાપી મનપા વોર્ડ વાઈઝ મતદારોની કુલ સંખ્યા

| વોર્ડ નંબર | પુરુષો | સ્ત્રીઓ | અન્ય | કુલ |
|---|---|---|---|---|
| 1 | 4314 | 4104 | 1 | 8419 |
| 2 | 6813 | 5894 | 0 | 12707 |
| 3 | 4985 | 3662 | 0 | 8647 |
| 4 | 4282 | 3625 | 0 | 7907 |
| 5 | 5922 | 5453 | 0 | 11375 |
| 6 | 5128 | 4637 | 0 | 9765 |
| 7 | 3595 | 3589 | 0 | 7184 |
| 8 | 4982 | 4693 | 0 | 9675 |
| 9 | 4281 | 4002 | 0 | 8283 |
| 10 | 4730 | 3904 | 2 | 8636 |
| 11 | 3011 | 2464 | 0 | 5475 |
| 12 | 4526 | 3663 | 0 | 8189 |
| 13 | 3923 | 2910 | 0 | 6833 |
| | 60492 | 52600 | 3 | 113095 |

# ગ્રામસભાની મંજૂરી વિના હાઈ-સ્પીડ કોરિડોરની કામગીરી શરૂ, લોકોમાં રોષ



નિલેશ કાપડિયા

**પેસા** એક્ટના ઉલ્લંઘનનો આક્ષેપ: વહીવટી તંત્ર દ્વારા લેખિત ખાતરી બાદ મામલો શાંત પડ્યો

વાંસદા: બીલીમોરાથી વઘઈ સુધીના પ્રસ્તાવિત 'ગરવી ગુજરાત હાઈ-સ્પીડ કોરિડોર'ની કામગીરીમાં સ્થાનિક ગ્રામસભાની મંજૂરી લેવામાં ન આવતા નવસારી અને ડાંગ જિલ્લાના ગ્રામજનોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. ગ્રામજનોની સ્પષ્ટ માંગ છે કે, પ્રોજેક્ટની સંપૂર્ણ વિગતો જણાવવા માટે સૌ પ્રથમ ગ્રામસભા બોલાવવામાં આવે અને ત્યારબાદ જ કોઈ પણ પ્રકારની કામગીરી આગળ વધારવામાં આવે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરાયેલ આ કોરિડોર બીલીમોરાથી શરૂ થઈ વાંસદા તાલુકાના પ્રતાપનગર, રાજપોર, કંબોયા, ભીનાર અને આંબાબારી જેવા અનેક ગામોમાંથી પસાર થાય છે. ૩૧ માર્ચના રોજ જ્યારે સંબંધિત વિભાગની એજન્સી દ્વારા કંબોયા ગામે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી, ત્યારે ગ્રામજનો અને સરપંચોએ સ્થળ પર પહોંચી કામગીરી અટકાવી દીધી હતી. ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો કે, બંધારણની અનુસૂચિ-૫ અને પેસા એક્ટ (PESA Act) ૧૯૯૬ મુજબ આદિવાસી વિસ્તારોમાં ગ્રામસભાની પૂર્વ મંજૂરી અનિવાર્ય હોવા છતાં તંત્ર દ્વારા તેનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે.

વિરોધ વકરતા ચીખલી માર્ગ અને મકાન વિભાગ દ્વારા લેખિતમાં ખાતરી આપવામાં આવી હતી કે, જ્યાં સુધી ગ્રામસભાની વિધિવત મંજૂરી ન મળે ત્યાં સુધી સર્વેની કામગીરી મોકૂફ રાખવામાં આવશે. જો મંજૂરી વિના કામગીરી કરાશે અને કોઈ નુકસાન થશે, તો તેની સંપૂર્ણ જવાબદારી એજન્સી અને વહીવટી તંત્રની રહેશે. આ લેખિત આશ્વાસન બાદ માહોલ થાળે પડ્યો હતો. હાલ ગ્રામજનો પોતાની જમીન અને હક્કોના રક્ષણ માટે મક્કમતાથી પ્રોજેક્ટની પારદર્શિતાની માંગ કરી રહ્યા છે.

# સાદડવેલમાં ઘુવડની તસ્કરી કરનારા ચાર ઝડપાયા, ઘુવડનું મોત

**એસ.ઓ.જી.** અને વન વિભાગનું સંયુક્ત ઓપરેશન: રૂ.૩ લાખમાં સોદો નક્કી થયો હોવાનો ખુલાસો

ઘેજ : નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના સાદડવેલ ગામેથી ઘુવડની ગેરકાયદેસર હેરાફેરી કરતા ચાર શખ્સોને એસ.ઓ.જી. પોલીસ અને વન વિભાગની ટીમે સંયુક્ત કાર્યવાહી દરમિયાન ઝડપી પાડ્યા છે.

બાતમીના આધારે સાદડવેલ સ્થિત આનંદ ફાર્મ નર્સરી પાસે વોચ ગોઠવી પોલીસે પરિમલ વસાવા (નર્મદા), પ્રીતેશ દેશમુખ (રૂમલા), ઈશ્વર પટેલ (કણભઈ) અને સ્મિત પટેલ (ગોડથલ) નામના શખ્સોની અટકાયત કરી હતી.

તપાસ દરમિયાન પરિમલ વસાવા પાસેથી પૂંઠાના બોક્સમાં રખાયેલું એક દુર્લભ ઘુવડ મળી આવ્યું હતું. આ ઘુવડનો આશરે ૩ લાખમાં સોદો થયો હોવાનું જાણવા મળ્યું છે. વન્ય જીવ સંરક્ષણ અધિનિયમની અનુસૂચિ-૧ હેઠળ પ્રતિબંધિત એવા આ પક્ષીનો ઉપયોગ અંધશ્રદ્ધા અને તાંત્રિક વિધિઓ માટે થતો હોવાની આશંકા છે. હાલ ચારેય આરોપીઓ વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## તંત્રની બેદરકારી?

આ ઓપરેશનમાં એક દુ:ખદ પાસું પણ સામે આવ્યું છે. કબજે કરવામાં આવેલું ઘુવડ ઓપરેશન દરમિયાન જીવિત હોવા છતાં, ટૂંકા ગાળામાં જ તેનું મોત નીપજ્યું હતું. પૂંઠાના બોક્સમાં તેને ગોંધી રાખવામાં આવતા કે પૂરતી તકેદારીના અભાવે ઘુવડનો જીવ ગયો? વન્યજીવને બચાવવામાં તંત્ર કેમ નિષ્ફળ રહ્યું? આવા અનેક વેધક સવાલો ઉઠી રહ્યા છે. વનપ્રેમીઓ દ્વારા આ મામલે તટસ્થ તપાસ કરી જવાબદાર કર્મચારીઓ કે એજન્સી સામે કડક પગલાં ભરવાની માંગ કરવામાં આવી છે.

# ધરમપુરમાં જોખમી બાઈક સ્ટંટ કરનારની ધરપકડ



આસીફ શેખ

ધરમપુર: ધરમપુરના રાજપુરીના વળાંકવાળા અને સાંકડા જંગલના રસ્તાઓ પર એક બાઈકસવાર ફૂલ સ્પીડમાં બાઈકનું ટાયર ઊંચુ કરી ચલાવી રહ્યો હતો. ચાલુ બાઈકે હેન્ડલ છોડીને જોખમી કરતબો કરી રહેલા બાઈકચાલક યુવકનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. લોકોના જીવને જોખમમાં મૂકી આ સ્ટંટબાજી કરનાર સામે ધરમપુર પોલીસ ટીમે બાઈક નંબરના આધારે તપાસ હાથ ધરી હતી અને સ્ટંટબાજી કરનાર બાઈકચાલકને શોધી કાઢયો હતો અને તેનું નામઠામ પૂછતા ભાવિન રતિલાલભાઈ પટેલ (રહે., ધરમપુર, ઓઝરપાડા) હોવાનું જણાવ્યું હતું. સ્ટંટબાજી કરનાર સામે ધરમપુર પોલીસે એફઆઈઆર નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# UIAના પ્રમુખની ચૂંટણીમાં ક્રોસ વોટિંગ વચ્ચે અશોક ગુપ્તા ચૂંટાયા

**ઉપ**-પ્રમુખ તરીકે ભગવાનભાઈ ભરવાડ, સેક્રેટરી પદે શ્યામ વિઝન, ખજાનચી તરીકે રત્નેશ્વર ચોરસીયા અને જોઈન્ટ સેક્રેટરી પદ કેયુર ભટ્ટની બિનહરીફ વરણી



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ UIA ના પ્રમુખની ચૂંટણીમાં પ્રમુખ તરીકે અશોકભાઈ ગુપ્તા ચૂંટાઈ આવ્યા હતા. ઉપ-પ્રમુખ તરીકે ભગવાનભાઈ ભરવાડ, સેક્રેટરી પદે શ્યામ વિઝન, ખજાનચી તરીકે રત્નેશ્વર ચોરસીયા અને જોઈન્ટ સેક્રેટરી પદે કેયુર ભટ્ટની બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

ઉમરગામ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન UIA ના 15 એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બરોને ચુંટી કાઢવા ચૂંટણી યોજાઈ હતી. ચૂંટણી પરિણામોમાં યુવા ઇન્ડસ્ટ્રીયલ ટીમના 8 જણા ચૂંટાઇ આવતા પાતળી સરસાઈ મેળવી હતી. જ્યારે ટીમ સિટીઝનના નરેશભાઈ બંથિયાની ટીમના 7 જણા ચૂંટાયા હતા. 1 એપ્રિલ 2026 રોજ પ્રમુખ માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં યુવા ઇન્ડસ્ટ્રીયલ ટીમમાંથી ચૂંટાયેલા અશોકભાઈ ગુપ્તાએ ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે ટીમ સિટીઝનમાંથી નરેશભાઈ બંથિયાએ ઉમેદવારી કરી હતી. હાજર એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બરો બોર્ડ ઓફ ડિરેક્ટરોએ મતદાન કરતા અશોક ગુપ્તાને 9 મતો પ્રાપ્ત થયા હતા. જ્યારે નરેશભાઈને 6

મત મળ્યા હતા. આમ સૌથી વધુ 9 મતો અશોક ગુપ્તાને મળતા તેઓ પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. આ ચૂંટણીમાં યુવા ઇન્ડસ્ટ્રીયલ ટીમ પેનલના આઠ જણા ચૂંટાયા હતા અને પ્રમુખની ચૂંટણીમાં એક વધુ મત એટલે કે નવ મત મળ્યા હતા ગુપ્ત રીતે થયેલા મતદાનમાં એક મત વધુ મળતા ક્રોસ વોટિંગ થયેલું જોવા મળ્યું હતું. ત્યારબાદ અન્ય હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી હતી. તમામ હોદ્દેદારોને તેમના સમર્થકો અને ઉપસ્થિત ઉદ્યોગપતિઓએ અભિનંદન આપ્યા હતા અને ઉમરગામ જીઆઇડીસી એસ્ટેટના હિતમાં વિકાસના કામ કરવા શુભકામનાઓ આપી હતી અશોકભાઈ ગુપ્તા અગાઉ પણ વર્ષ 2012- 13 અને 2013 થી15 માં એમ બે વાર પ્રમુખ રહી ચૂક્યા છે. આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતાં તમામે ચૂંટણી કમિટીનો પણ તમામે આભાર માન્યો હતો.

# ઠગે મોકલેલી APK ફાઈલ ડાઉનલોડ કરતા ૨ લાખ ગુમાવ્યા

**બીલીમોરાના** વૃદ્ધને સિનિયર સિટીઝન કાર્ડ બનાવવાનું ભારે પડ્યું

બીલીમોરા : બીલીમોરામાં વૃદ્ધને સિનિયર સિટીઝન કાર્ડ બનાવવા બાબતે ફોન પર એપીકે ફાઈલ મોકલાવી વૃદ્ધના બેંક ખાતામાંથી ૨.૧૦ લાખ ઓનલાઈન ટ્રાન્સફર થઈ જતા પોતે સાઈબર ફ્રોડનો શિકાર બનતા પોલીસ ફરિયાદ આપી છે.

હર્ષદભાઈ કાંતિલાલ શેઠ (૭૨ રહે ૧૦૪ તનિષ્ક એપાર્ટમેંટ, સોમનાથ રોડ બીલીમોરા)ના પુત્ર ભાવિકના મોબાઈલ ઉપર કોલ એક આવ્યો હતો, જેમાં સિનિયર સિટીઝન કાર્ડ બાબતે પૂછતા હર્ષદભાઈએ જણાવેલું કે તેઓએ કાર્ડ માટે એપ્લાય કર્યું છે. જેથી હર્ષદભાઈએ તેમનો ફોન નંબર આપતા તેમના ફોન પર આવેલા વ્હોટ્સએપ કોલમાં ઈન્ડુસઈન્ડ બેંક રિટાયર્ડ પેન્શન નામની એપીકે ફાઈલ આવી હતી. જેમાં તેઓએ બધી વિગતો ભરવાની હોય તે એપીકે ફાઈલ ડાઉનલોડ કરી તેમના બેંક ખાતાની તમામ વિગત, આધારકાર્ડની વિગત, પાનકાર્ડની તમામ વિગતો માંગ્યા પ્રમાણે ભરી હતી. આટલુ કર્યા પછી હર્ષદભાઈનો ફોન બંધ થઈ ગયો હતો અને ત્યારબાદ પ્રથમ તેમને રૂપિયા ૧૦ હજાર તેમના બીલીમોરાના ઈન્ડુસઈન્ડ બેંકના ખાતામાંથી ટ્રાન્સફર થયાનો મેસેજ આવ્યો હતો. જે બાદ તેમના એફડી એકાઉન્ટમાં રહેલા ૨ લાખ પણ ઓનલાઈન ટ્રાન્સફર થઈ ગયાનો પણ મેસેજ આવતા હર્ષદભાઈને ઠગોએ એપીકે ફાઈલ મોકલાવી તેને ડાઉનલોડ કરાવડાવી તેમના બેંકની બધી વિગતો મેળવી રૂપિયા ૨.૧૦ લાખનો ચૂનો લગાડતા સાયબર ઠગીના શિકાર બનેલા હર્ષદભાઈ શેઠે સાઈબર ક્રાઈમ પોલીસમાં અજાણ્યા વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે.

# અંબિકાના ધસમસતા પ્રવાહ વચ્ચે અડિખમ ઊભેલા 'તડકિયા હનુમાન'

**ડાંગમાં** ૨૦૦ વર્ષ જૂની લોકવાયકા અને બાહુબલી બજરંગબલીનો અદભૂત ચમત્કાર



ગિરીશ ભોયે

સાપુતારા : આદિજાતિ સંસ્કૃતિના ગઢ સમાન ડાંગ જિલ્લામાં હનુમાનજી પ્રત્યે અતૂટ શ્રદ્ધા છે. જિલ્લાના પ્રવેશદ્વાર વઘઈ (નાની વઘઈ-કિલાદ) પાસે અંબિકા નદીના પટમાં બિરાજમાન 'તડકિયા હનુમાન' લાખો ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. લોકવાયકા મુજબ, આશરે ૨૦૦ વર્ષ પૂર્વે આ મૂર્તિને બળદગાડામાં નવસારીથી ડાંગ લઈ જવામાં આવતી હતી. નદીની મધ્યમાં પહોંચતા જ મૂર્તિનું વજન અચાનક વધી ગયું અને ગાડાની ધૂસરી તૂટી ગઈ. અનેક પ્રયત્નો છતાં પ્રતિમા હલી ન શકતા, તેને પ્રભુની મરજી સમજી નદીના પટમાં જ સ્થાપિત કરવામાં આવી હતી. આ સ્થાનક સાથે એવી માન્યતા જોડાયેલી છે કે, વધુ પડતો ગુસ્સો ધરાવતા લોકો અહીં પૂજા-અર્ચના કરે તો તેમનો સ્વભાવ શાંત થાય છે, જ્યારે અત્યંત નમ્ર વ્યક્તિમાં શક્તિ અને તેજનો સંચાર થાય છે. અંબિકા નદીના બ્રિજ પરથી પસાર થતા વાહનચાલકો હોર્ન વગાડી વિઘ્નહર્તા બજરંગબલીની હાજરી પુરાવે છે. દર શનિવાર અને મંગળવારે અહીં ભક્તોની ભારે ભીડ જામે છે.

## કુદરતી આફતોમાં પણ અખંડિત પ્રતિમા

ચોમાસામાં અંબિકા નદી જ્યારે રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે આ મૂર્તિ સંપૂર્ણ જળસમાધિ લે છે. હજારો ટન પાણીનો પ્રવાહ, મોટા કાષ્ટ અને શીલાઓના પ્રહાર છતાં આ પ્રતિમા નખશીખ અખંડિત રહે છે. વર્ષો પૂર્વે આવેલા પૂર વખતે બાજુનો પાકો પૂલ ધ્વસ્ત થઈ ગયો હતો, પરંતુ હનુમાનજીની મૂર્તિ અડિખમ રહી હતી, જે તેમના સત્વ અને ચમત્કારનું પ્રમાણ આપે છે. આ વર્ષે હનુમાન જયંતી નિમિત્તે અહીં શાસ્ત્રોક્ત વિધિ, મહાપ્રસાદી અને આંતરરાષ્ટ્રીય કથાકાર મેહુલભાઈ જાની (બાપુ)ના સાનિધ્યમાં હનુમાન કથાનું ભવ્ય આયોજન કરાયું છે.

# ખેરગામના વાડ ગામમાં મજૂરી દરમિયાન કામદારનું મોત

ખેરગામ: નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના વાડ ગામે મજૂરી કામ કરી રહેલા એક શ્રમિકનું રહસ્યમય સંજોગોમાં મોત નિપજ્યું છે. પ્રાપ્ત વિગત મુજબ, પણંજ ગામના નાની કોલવાડ ફળિયામાં રહેતા ૪૬ વર્ષીય રાજેશભાઈ ઠાકોરભાઈ પટેલ ગત ૩૧ માર્ચના રોજ વાડ ગામના પટેલ ફળિયામાં મજૂરી અર્થે ગયા હતા. બપોરે આશરે ૪:૩૦ વાગ્યાના સુમારે કામ દરમિયાન તેઓ અચાનક બેભાન થઈ ઢળી પડ્યા હતા. સાથી કામદારો અને સ્થાનિકોએ તેમને તુરંત સારવાર માટે ચીખલીની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે કિરણભાઈ પટેલે ખેરગામ પોલીસને જાણ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. હેડ કોન્સ્ટેબલ બિપીનભાઈ આ કેસની તપાસ કરી રહ્યા છે. શ્રમિકના મોતનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે.

# આંગણવાડી હેલ્પર કર્મચારીઓ દ્વારા ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર

**પડતર** માંગણીઓનો ઉકેલ ન આવતા આખરે સરકાર સામે મોરચો માંડ્યો

વલસાડઃ વલસાડ જિલ્લાની આંગણવાડીઓમાં ફરજ બજાવતી મહિલા કર્મચારીઓએ લાંબા સમયથી પડતર માંગણીઓનો ઉકેલ ન આવતા આખરે સરકાર સામે મોરચો માંડ્યો છે.

પગાર વધારા સહિતના વિવિધ મુદ્દે વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ સકારાત્મક પરિણામ ન મળતા, કર્મચારીઓએ 'પોષણ ટ્રેકર એપ' અને તમામ પ્રકારની ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે.

વલસાડ જિલ્લા આંગણવાડી કર્મચારી સંઘ દ્વારા અપાયેલા આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, 2018 પછી કેન્દ્ર સરકાર દ્વારા પગાર વધારો ન કરવો, લઘુત્તમ વેતન ન આપવું, કે. વાય.સી.વર્ષમાં એકજ વાર કરવો, નાસ્તાના ખર્ચમાં વધારો કરવો, વેકેશનનો લાભ મળે સહિતના મુદ્દાઓ ઉઠાવ્યા હતાં. વલસાડ જિલ્લા આંગણવાડી સંઘ ભારતીય મજદૂર સંઘના આગેવાન પ્રીતિબેન પાવાગઢીએ જણાવ્યું કે, સરકારમાં રજુઆત બાદ પણ કોઈ નિર્ણય ન લેતા રાજ્ય સંઘના આદેશ મુજબ આંગણવાડીમાં ઓનલાઈન કામગીરી આવતી કાલથી કામગીરી બંધ કરી છે, જોકે લાભાર્થી બાળકોને કોઈ મુશ્કેલી ન થાય તે માટે ઑફ લાઈન કામગીરી ચાલુ રહેશે.

# 'ઓટીપી આપો, એકાઉન્ટ અપડેટ કરો' નવસારી સાયબર ક્રાઇમની સ્ટ્રાઈક

નવસારી : નવસારી જિલ્લામાં સાયબર ઠગાઈના જાળને તોડી પાડતાં પોલીસને મોટી સિદ્ધિ મળી છે. લોકોના વિશ્વાસને હથિયાર બનાવી વોટ્સએપ એકાઉન્ટ હેક કરીને નાણાં પડાવતો એક શાતિર આરોપી હવે કાયદાની પકડમાં છે. આરોપી અત્યંત ચતુરાઈથી પોતાને ટ્યુશન ક્લાસના "સર" તરીકે રજૂ કરતો અને "વોટ્સએપ અપડેટ" કરવાની વાત કહી પીડિત પાસેથી ઓટીપી મેળવી લેતો હતો. માત્ર થોડા જ પળોમાં તે એકાઉન્ટ પર કબ્જો જમાવી લેતો અને ત્યારબાદ પીડિતના ઓળખીતાઓને તાત્કાલિક નાણાંની માંગણી કરતા મેસેજ મોકલી ઠગાઈ આચરતો હતો. વિશ્વાસના આ જાળમાં ઘણા લોકો ફસાઈ ગયા હતા. ફરિયાદ મળતા જ નવસારી સાયબર ક્રાઇમ ટીમે વીજળી જેવી ઝડપથી તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને ડિજિટલ ફૂટપ્રિન્ટના આધારે આરોપીની હિલચાલ ટ્રેસ કરી આખરે વડોદરા ગ્રામ્યના પોર ગામ પાસે થી તેને ઝડપી પાડવામાં આવ્યો હતો. ઝડપાયેલ આરોપીની ઓળખ પ્રિતેશ પ્રજાપતિ (ઉંમર ૨૬, રહે. મહેમદાવાદ, જી. ખેડા) તરીકે થઈ છે. તપાસમાં સામે આવ્યું છે કે આરોપી એક રીઢો ગુનેગાર છે અને અગાઉ સાયબર ફ્રોડ, છેતરપિંડી અને જુગારધારા સહિત કુલ ૧૨ જેટલા ગુનાઓમાં સંડોવાયેલો છે.


## વેચાણ અંગેની જાહેર નોટીસ

મોજે-સાતેમ, તા.જી.નવસારી ના બ્લોક સર્વે નં. ૪૮૦ વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચોમી. ૦-૫૪-૬૩ અને જેનો આકાર રૂા.૩.૪૪ પૈસા છે તે જમીન કે જે ખાતા નં-૧૨૪૪ થી નોંધાયેલ છે. તે જમીન જીતેન્દ્રભાઈ ગોપાળભાઈ પટેલનાઓ પોતાની સ્વતંત્ર માલીકીની હોવાનુ જણાવી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે.જેથી ઉપરોક્ત જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના કબજો, લાગ-ભાગ, દર-દાવો, હક્ક, હિસ્સો, હિત, સંબંધ, ગણોત હક્ક, દરમેલ હક્ક, ખાધાખોરાકી યા લીયનના હક્કો યા ઈઝમેન્ટના કે સાટાખત કે સમજુતી રૂએના હક્ક વીગેરે હોય યા બેંક, મંડળી, સંસ્થા, રાજ્ય સરકારની કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય અને હાલના વેચાણ વિરુધ્ધ વાંધો હોય તો તેમણે આધારભૂત લેખીત પુરાવા સહિત આ નોટીશ પ્રસિધ્ધિ થયેથી દિન - ૧૦ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હક્ક, વાંધા રજૂ થશે નહીં તો કોઈના હક્ક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે. યાને વેવ કર્યા છે. તેવું માની હમારા અસીલ સદરહુ જમીનનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં મિલકતનાં ટાઈટલ અંગે કોઈની કોઈપણ તર- તકરાર તથા વાંધા વચકા ચાલશે નહી. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

હમારા અસીલની સુચના અને ફરમાયેશથી,

**રજીયા આઈ. અન્સારી** (એડવોકેટ)

તા. ૦૧-૦૪-૨૦૨૬

યશફીન હોસ્પિટલ, કાદરી મંઝીલ, વિરાવળ, તા. જિ. નવસારી-૩૯૬૪૪૫. મો.: ૯૦૯૯૪૫૪૫૭૧

## મોજે સાલેજ, તા.ગણદેવી જી.નવસારીની બીનખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને હાલની આ વેચાણ અંગેની જાહેર નોટીસથી જણાવવાનું કે,મોજે સાલેજ, તા.ગણદેવી જી.નવસારીના બ્લોક/સર્વે નંબર-૬૪૮ (જુનો બ્લોક/સર્વે નંબર-૬૧૯),ક્ષેત્રફળ હે-આરે-ચો.મી.૦-૧૮-૨૧ વાળી બીનખેતીની જમીન **તુષારભાઈ રજનીકાંત શાહ**, રહે-૧૦૧,આભુષણ એપાર્ટમેન્ટ, પાર્લેપોઈન્ટ પાસે, ઘોડદોડ રોડ, સુરત સીટી, સુરત ૩૯૫૦૦૭ નાની સ્વતંત્ર માલિકી કબજે હોવાનું જણાવી હમારા અસીલને તેઓ વેચાણ કરવા માંગતા હોય જેથી સદરહું બીનખેતીની જમીન બાબતે કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે ઈસમોનો બોજો, બેંક લોન, કબજો-ભોગવટો, રસ્તાના હક્ક-હિત-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, હિત-સંબંધ, ઈઝમેન્ટ કે તે મતલબનાં સાટાખત, બાનાખત,સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી, ગીરો ખત વિગેરે પ્રકારનાં કોઈ લખાણો હોય તો તે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં રજુઆતો હમારા અસીલ તરફે અને વતી હમોને કરવી જો તેમ કરવામાં કસૂર થશે તો મુદત વિત્યે સદરહું બિનખેતીની જમીનમાં કોઈનું કોઈપણ પ્રકારે બોજો, બેંક લોન, કબજો-ભોગવટો, કાયદેસરનાં હક્ક-હિત-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, હિત-સંબંધ, ઈઝમેન્ટ કે તે મતલબનાં સાટાખત, બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી,બાંહેધરી, ગીરો ખત વિગેરે પ્રકારનાં કોઈ લખાણો નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કે "વેઈવ"કર્યા છે તેમ માની ઉપરોક્ત જણાવેલ બીનખેતીની જમીનનાં માલિક હમારા અસીલને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપશે અને તે અંગે ભવિષ્યમાં કોઈના કોઈપણ પ્રકારનાં વાંધા-હરકત હમારા અસીલનેબંધનકર્તા રહેશે નહિં. જેની સ્પષ્ટ કાયદેસરની નોંધ લેવા વિનંતી.

01/04/2026

(તુષારભાઈ રજનીકાંત શાહ)
તા. ૦૧-૦૪-૨૦૨૬

હમારા અસીલની સુચનાથી,
**અજય આર. ગાંધી** (એડવોકેટ)

૧૧૦, શંખેશ્વર કોમ્પલેક્ષ, કલેકટર ઓફિસ સામે, નવસારી. મો.: ૯૮૨૫૦૯૯૦૮૬

## જનરલ પાવર ઓફ એટર્નીનો લેખ રદ્દ કર્યા અંગેની નોટિસ

આથી લાગતા-વળગતા તમામને હાલની આ જનરલ પાવર ઓક એર્ટનીનો લેખ રદ કર્યા અંગની જાહેર નોટિસ આપી જણાવવાનું કે, હમારા અસીલ **આશીકભાઈ રામુભાઈ પટેલ**, રહે-સાતેમ, તા.જી.નવસારી, હાલ રહે-28 DEVANA RD, LEICESTER, ENGLAND, LE2 IPN નાઓ (૧) મોજેઃ સાતેમ, તા. જી. નવસારી જેનો ખાતા નં-૧૫૦ જેના બ્લોક નં-૨૫૮, ૩૧૩, ૩૪, ૩૪૮, ૩૫, ૬૧૦, ૬૬૬ અને ખાતા નં-૬૮૦ જેના બ્લોક નં-૩૪૭, ૬૦૯, (૨) મોજેઃ ગોપળા, તા.મહુવા, જી.સુરત જેનો ખાતા નં-૨૬ જેના બ્લોક નં-૯, ૨૭૩ અને ખાતા નં- ૧૫૭ જેના બ્લોક નં-૧૦ ખેતી વાળી મિલકત બાબને એક જનરલ પાવર ઓફ એટોર્ની બનાવેલ ઉપરોકત જણાવેલી મિલકતના સહ માલીક કબજેદાર હમારા અસીલ ચાલી આવેલ હતા અને છે. સદરહું મિલકતો અંગે પાવરદાર તરીકે કાર્યો કરવા હમારા અસીલે એક જનરલ પાવર ઓફ એટર્ની નો લેખ જતીનકુમાર ચંદુલાલ પટેલ, રહેવાસીઃ સાતેમ, તા.જી.નવસારી,ના ને કરી આપેલો, જે જનરલ પાવર ઓફ એર્ટની ની નોંધણી એડવોકેટ એન્ડ નોટરી શ્રી હર્ષદ આઈ. નાયકે સીરીયલ નં. ૫૦૮૩ થી તા. ૨૪/૧૨/૨૦૧૨ ના રોજ નવસારી મુકામે નોંધણી કરેલ છે. જે જનરલ પાવર ઓફ એર્ટનીમાં દર્શાવેલ મિલકત પૈકી મોજેઃ સાતેમ,તા.જી. નવસારી મુકામે આવેલ બ્લોક નં-૩૬૦ વાળી મિલકત બાબતે કરવામાં આવેલ વેચાણ વ્યવહાર રદ બાતલ કરવાના હક્ક ઉભા રાખી તથા ઉપરોકત જણાવેલ તમામ મિલકતો બાબતે તમારી પાસે ચાલી આવેલ જનરલ પાવર ઓફ એટોર્ની હવેથી યાને આ નોટીસથી હમારા અસીલ રદ જાહેર કરે છે. જે અંગેની જાહેર જનતાને જાણ કરવા સબબ હાલની આ નોટીસ આપવાની ફરજ પડેલ છે. હાલની આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, સદરહું રદ થયેલ જનરલ પાવર ઓફ એર્ટની ના આધારે, જો ઉપરોક્ત વ્યક્તિ સાથે હમારા અસીલના નામથી જો કોઈ પણ વ્યવહારો કરવામાં આવશે તો તે અંગેની કોઈપણ પ્રકારની જવાબદારી હમારા અસીલની રહેશે નહીં, અને સમગ્ર જવાબદારીઓ જે તે વ્યક્તિ ની રહેશે. આમ, સદરહું જનરલ પાવર ઓફ એર્ટનીનો ઉપયોગ કરી હાલમાં કે ભવિષ્યમાં કોઈ વેચાણ દસ્તાવેજ અથવા તો તેને લગતા કોઈપણ લખાણો જેમ કે સાટાખતો, સોદાચિઠઠી, કે વેચાણ/ભાડા પટટા/ગીરો વિગેરે અંગેના કોઈપણ કરારો કે કોઈપણ કાર્યવાહી કરેલ હોય કે હાલની નોટીશ પ્રસિધ્ધ થયા પછી સદર પાવરદાર સાથે કોઈપણ વ્યવહાર કરવા કરાવવામાં આવશે તે તમામ વ્યવહારો રદ થશે યાને ફોક થયેલા ગણાશે. જેની જાહેર જનતા તથા લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

હમારા અસીલની સુચના અને ફરમાયેશથી,

તા. ૦૧-૦૪-૨૦૨૬ **રજીયા આઈ. અન્સારી** (એડવોકેટ)

યશફીન હોસ્પિટલ, કાદરી મંઝીલ, વિરાવળ, તા. જિ. નવસારી-૩૯૬૪૪૫. મો.: ૯૦૯૯૪૫૪૫૭૧